અપીલ અરજી નં.૨૯૦ તા .૨૧–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જગદીશભાઈ મંગુભાઈ ચૌહાણ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જગદીશભાઈ મંગુભાઈ ચૌહાણની તા. ૧૮–૮–૧૧ની અરજીથી મારા નીચે સહી કરનારના ઘરની પશ્ચિમમાં ભીંતને અડીને આવેલ ગંદા પાણીની ગટરની કુંડી આગળ પત્થરો તથા બાંધકામના પાટિયા વિગેરે ૧૪૧ અને ૧૪૨માં બાંધકામ કરનાર ઠાકોરભાઈ કલ્યાણજી મિસ્ત્રી અને સુરેશભાઈ ઠાકોરભાઈ મિસ્ત્રીએ વિગેરે નાંખી કાયમનું દબાણ ઉભું કરેલ છે જે દુર કરવા મારી તા. ૨૯–૬–૧૧ની અરજીમાં વિનંતી કરવામાં આવી હતી. અરજીની ઝેરોક્ષ નકલ મારી પ્રતિ સહી આ સાથે સામેલ છે જે બાબતે આપના તરફથી અત્યાર સુધીમાં થયેલ કામનો સર્વગ્રાહી પ્રગતિ અહેવાલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૯૦/૨૦૧૧–૧૨

શ્રી જગદીશભાઈ મંગુભાઈ ચૌહાણની તા. ૧૮–૮–૧૧ની અરજીથી મારા નીચે સહી કરનારના ઘરની પશ્ચિમમાં ભીંતને અડીને આવેલ ગંદા પાણીની ગટરની કુંડી આગળ પત્થરો તથા બાંધકામના પાટિયા વિગેરે ૧૪૧ અને ૧૪૨માં બાંધકામ કરનાર ઠાકોરભાઈ કલ્યાણજી મિસ્ત્રી અને સુરેશભાઈ ઠાકોરભાઈ મિસ્ત્રીએ વિગેરે નાંખી કાયમનું દબાણ ઉભું કરેલ છે જે દુર કરવા મારી તા. ૨૯–૬–૧૧ની અરજીમાં વિનંતી કરવામાં આવી હતી. અરજીની ઝેરોક્ષ નકલ મારી પ્રતિ સહી આ સાથે સામેલ છે જે બાબતે આપના તરફથી અત્યાર સુધીમાં થયેલ કામનો સર્વગ્રાહી પ્રગતિ અહેવાલ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજી અંગે થયેલ–નહીં થયેલ કાર્યવાહીની વિગત જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮૦ તા.૪–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેની કચેરીને મળેલ નથી.

અરજદારની તા.૧૮–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારેનિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૨૧–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાતું નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને દફતરી માહિતી પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી જગદીશભાઈ મંગુભાઈ ચૌહાણ